શહેરમાં ૬૫૦ ન્યુ બ્રાન્ડ કાર દોડતી થઇ

જર્જરિત મકાનો - શહેરના સ્થાપના કાળે નિર્માણ પામેલ સરકારી આવાસો જર્જરિત હાલતમાં છે... તેને ઉતારવા માટેની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે... સેક્ટર-૧ ઉના અને સેક્ટર-૨ ઉમાં તથા સેક્ટર-૭માં જર્જરિત મકાનો નિયત કરાયા હતા જેમાં સેક્ટર-૭ અને સેક્ટર-૨ ઉમાં આવેલા જર્જરિત મકાનોને ઉતારવાની કામગીરી પૂર્ણ થતા તંત્ર દ્વારા સેક્ટર-૧ ઉમાં આવેલા કેટેગરી પ્રકારના મકાનોનેન સહિસલામત ઉતારવાની કામગીરી હાલ ચાલી રહી છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

સ્વર્ણિમ પાર્કમાં ૧૧ લાખના ખર્ચે સાઈકલ ટ્રેકને અનુલક્ષી ૫૦ સાઈન બોર્ડ લગાવાશે

ગાંધીનગર તા ૨૬

શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેક્ટ અમલી બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં પણ સાઈકલ ટ્રેકને તૈયાર કરવા જરૂરી કામ હાથ ધરવામાં આવશે. સ્વર્ણિમ પાર્કની બન્ને બાજુ સ્થિત સાઈકલ ટ્રેકને અનુલક્ષી રૂ ૧૧ લાખના ખર્ચે સાઈન બોર્ડ મુકવામાં આવશે. આ ઉપરાંત પાર્ક આસપાસના સાઈકલ ટ્રેકને થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં સાઈકલ શેરીંગ પ્રોજેકટને અમલી બનાવવા ગુડા દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.સાઈકલ માટે વિવિધ ૧૦ ઠેકાણે સ્ટેન્ડ પણ બનાવવામાં આવનાર છે. જયારે ૧૦ હજારની કીંમતની એક તેવી અઘતન સાઈકલો ખરીદવામાં આવનાર છે. વર્તમાન સમયમાં વધતી ટ્રાફિકની સમસ્યા વચ્ચે સાઈકલ શેરીંગનો પ્રોજેકટ આર્શીવાદ રૂપ નિવડશે તેમ પણ મનાઈ રહયુ છે. મહત્તમ નાગરિકો આ પ્રોજેકટના માધ્યમથી સાઈકલીંગ સાથે જોડાય તેવુ આયોજન કરવામાં આવી રહયુ છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કમાં સાઈકલ ટ્રેક તૈયાર કરી દેવામાં આવ્યો છે. જયારે સાઈકલ ટ્રેકને અનુલક્ષી જરૂરી સવલતો ઉભી કરવા માટે ગુડા દ્વારા માર્ગ મકાન વિભાગને કામ સોંપવામાં આવ્યુ છે. જેમાં સ્વર્ણિમ પાર્કમાં વિવિધ ૫૦ જેટલા સાઈન બોર્ડ મુકવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ ૧૧ લાખનો ખર્ચ કરવામાં આવશે.આ ઉપરાંત સાઈકલ ટ્રેક માટે જરૂરી થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે. ટુંકમાં જ સાઈકલ ટ્રેકને આખરી ઓપ આપી દેવામાં આવશે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં કસરતના વિવિધ સાધનો પણ મુકવામાં આવ્યા છે. જયારે હરિયાળી લોન વચ્ચે વિશિષ્ટ પ્રકારનુ પ્લાન્ટેશન પણ કરવામાં આવ્યુ છે. ત્યારે પાર્ક આસપાસ સાઈકલ ટ્રેક વિકસાવવામાં આવતા પાર્કની રોનક પણ વધુ નિખરી ઉઠશે તેમ મનાઈ રહયુ છે.

પાર્ક આસપાસના ટ્રેકમાં થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે

જિલ્લામાં રિસર્વેની કામગીરી ઝડપી બનાવવા તાકિદ

માર્ચ સુધીમાં સંપન્ન કરવા તંત્રને તાકીદ કરતા જિલ્લા કલેકટર : કૃષિ મહોત્સવમાં ૭-૧૨ની નકલોમાં છેલ્લામાં છેલ્લા પાકની ખાસ કરીને કપાસના પાકની વિગતો પણ દર્શાવવા જણાવાયુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં રિસર્વેની કામગીરી માર્ચ ૨૦૧૬ સુધીમાં સંપન્ન થઈ જાય તે માટે તંત્રને કડક તાકીદ જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે કરી છે.

જિલ્લામાં ગામોની માપણીની કામગીરી પૂર્ણ થઈ જવા પામેલ છે પણ હજુ ૧૫૭ જેટલા ગામોમાં પ્રમોલગેશનની કામગીરી કરી અને રેકર્ડનુંઆખરીકરણ કરવાનુંબાકી છે.

૨૦૧૨થી હાથ ધરાયેલ રિસર્વેની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે. હજુ માત્ર ૫૫ ટકા જેટલી જ કામગીરી પૂર્ણ થઈ હોવાથી જિલ્લા કલેકટરશ્રીએ તાજેતરમાં મહેસુલી અધિકારીઓની બેઠકમાં આ અંગે કડક તાકીદ કરી હતી.

રિસર્વેની કામગીરી બાદ પ્રમોલગેશનમાં રેકર્ડ આકરી કરવામાં આવે છે અને તેની વિગતવાર જાહેરાત બાદ પણ વાંધા હોય તો તે દૂર કરવામાં આવી રહ્યા હોવાથી આ પ્રક્રિયા થોડીક લાંબી જરૂર છે પરંતુ હવે તેમાં ગતિ આવે તે જરુરી હોવાનું જણાવી કલેકટરશ્રીએ આ માટે અભિયાન રૂપમાં કામગીરી કરવી જોઈએ તેમ જણાવ્યું હતું.

જિલ્લામાં આ કામગીરી પૂર્ણ થયેથી હવે સર્વે નંબરો પણ ૧૦ ડિઝીટના થશે તેમજ ૭-૧૨ના નવા ઉતારા બનશે જેમાં ખેતરના નકશા પણ દર્શાવવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસનું સ્નેહમિલન - શહેર કોંગ્રેસ દ્વારા સ્નેહમિલન સમારોહનું આયોજન કરાયું હતું. પંચાયતોમાં કોંગ્રેસના વિજયને વધાવતા પ્રવચનો પ્રદેશ પદાધિકારીઓએ કર્યા હતા જ્યારે મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે તત્પર રહેવા કાર્યકરોને હાંકલ પણ કરી હતી. શહેરના પદાધિકારીઓ ઉપરાંત પ્રદેશ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : દિપક જાની)**

ગાંધીનગર મનપા માટે કોંગ્રેસ પક્ષ સજ્જ

ભાજપને સ્વપ્ના બતાવવાની આદત પડી છે પણ પ્રજા હવે તેમને ઓળખી ગઈ છે : કોંગ્રેસ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં વિકાસના નામે ભારતીય જનતા પક્ષે નક્કર કહી શકાય તેવી કોઈ કામગીરી મહાનગરપાલિકામાં સત્તા હાંસલ કરીને પણ કરી શક્યા નથી ત્યારે કોંગ્રેસ પક્ષ આગામી દિવસોમાં વિકાસની સાચી બ્લ્યુ પ્રિન્ટ સાથે ચૂંટણી જંગમાં ઉતરશે તેવા સ્પષ્ટ સંકેત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ શ્રી લાખાભાઈ ભરવાડે આજે શહેર સમિતિના સ્નેહમિલન સમારોહમાં આવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી માટે પક્ષ સજ્જ છે અને કોંગ્રેસ પુનઃ સત્તા સંભાળશે એમાં કોઈ બેમત નથી. તેમણે કાર્યકરોની એકતા પર વિશેષ ભાર મુકી જણાવ્યું હતું કે આપણી વિચારધારા સૌને સાથે રાખી છેવાડાના માનવીને તેનો લાભ મળે તે જોવાની છે.

આ પ્રસંગે બોલતાં પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નીતિશ વ્યાસે જણાવ્યું હતું કે સ્માર્ટસીટીના સોહામણા સ્વપ્ન સાથે ચૂંટણી જંગ લડવાની વેતરણ ભાજપમાં ચાલી રહી છે.

તેમણે જણાવ્યું કે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ૨૪ X ૭ વોટર સપ્લાય પાણીના મીટર સાથે આપવાની વાત કરાઈ છે. પાણીના આ મીટરો પહેલાં લગાવાયા હતા ત્યારે સ્વ. વિનોદ જોશીના નેતૃત્વમાં કોંગ્રેસ તત્કાલીન સાંસદ સ્વ. જી. આઈ. પટેલને રજુઆત કરી સરકારમાં આ નિર્ણય રદ કરાવ્યો હતો. મનપાના વર્તમાન પદાધિકારીઓ માત્ર ને માત્ર પ્રજાના પૈસા કઈ રીતે લૂંટી શકાય તેની પેરવીમાં જ વ્યસ્ત છે.

● અનુસંધાન પાન-૭ પર

ડીસેમ્બર ફેસ્ટીવલ કાર બજાર માટે ફેવરેબલ શહેરમાં ૬૫૦ ન્યુ બ્રાન્ડ કાર દોડતી થઈ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં દિન પ્રતિદિન ટ્રાફિકનુ પ્રમાણ વધી રહયુ છે. ત્યારે પૈડા પરની જિન્દગીનો સિનારીયો બદલાતા માર્ગો પર મેગાસીટીની જેમ ઘણીવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. શહેરના માર્ગો પર અવનવી વૈભવી કાર્સ દોડતી નજરે પડે છે. ત્યારે ચાલુ મહીના દરમિયાન શહેરના માર્ગો પર અંદાજિત ૬૫૦ જેટલી ન્યુ બ્રાન્ડ કાર દોડતી થઈ છે. નવેમ્બર ડિસેમ્બરના ફેસ્ટીવલ મહીનામાં અન્ય દિવસો કરતા કારના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. ડિસેમ્બર મહીનામાં આગામી વર્ષના ભાવ વધારા તેમજ ડિસ્કાઉન્ટ ઓફરને લીધે કારના વેચાણમાં અંદાજિત ૩૦ થી ૪૦ ટકાનો વધારો થયો છે.

ગાંધીનગરના કાર શો રૂમ પર હાલ ગ્રાહકોની વિશેષ ભીડ જોવા મળે છે. સામાન્ય રીતે નવા વર્ષથી કારના ભાવમાં ૧૦ ટકાથી વધુ ભાવ વધારો થતો હોય છે. જયારે ડિસેમ્બર મહીનામાં એકસ્ચેન્જ ઓફર ઉપરાંત કારની ખરીદીમાં વિશેષ ડીસ્કાઉન્ટ ઓફર પણ ગ્રાહકોને આકર્ષિત કરે છે. કાર શો રૂમ ના ડીલરો પણ વધુ ડીસ્કાઉન્ટ આપતા હોવાથી વિવિધ કંપનીઓની કાર ખરીદવા માટે નગરજનો વિશેષ ઉત્સુકતા દાખવતા હોવાનુ સ્પષ્ટ થયુ છે.પંજાબ હુન્ડાઈના ટીમ લીડર જગતસિંહ બિહોલાના જણાંવ્યા મુજબ કારના વિવિધ મોડેલ્સમાં ડિસેમ્બર

આગામી વર્ષના સંભવિત ભાવ વધારા અને ડિસ્કાઉન્ટ ઓફરના લીધે શહેરીજનો કાર ખરીદવા ઉત્સુક બન્યા એવરેજ વેચાણમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો

● અનુસંધાન પાન-૭ પર

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

સ્વ. મીનાબેન હિરાલાલ જામલિયા
સ્વર્ગવાસ : તા. ૨૭-૧૨-૨૦૧૦, સોમવાર
આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે...
હિરાલાલ — ડો. રમીલા
નિતેષભાઈ — ડો. મંજુલા
પુલીકભાઈ — જયશ્રી
તથા અન્ય પરિવાર મિત્રો સહિત અમારા સૌની શ્રદ્ધાંજલી

વડનગરા લેઉવા પાટીદાર બેસણું
સખેદ જણાવવાનું કે, મારા સુપુત્ર ચિ. પ્રતિકનું આકસ્મિક દુઃખદ અવસાન તા. ૨૪-૧૨-૨૦૧૫ના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૭-૧૨-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી અમારા નિવાસસ્થાને રાખેલ છે.
નિવાસસ્થાન : ૧૩૮, હરસિધ્ધનગર સોસાયટી, ડબલ ડેકર, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન. ૦૭૯- ૨૩૨૮૯૪૬૨, મો. ૯૪૨૬૫૦૨૧૪૫
લિ. સુનિલકુમાર રમણલાલ પટેલ (અંધારિયા)

બેસણું

અમારા માતૃશ્રી ચક્ષુદાતા ગં.સ્વ. સંતોકબેન ચુનીલાલ ઠક્કર (ઉ.વ.૯૧) તા. ૨૫-૧૨-૧૫ ને સંવત ૨૦૭૨ માગશર સુદ પુનમના રોજ સ્વર્ગવાસી થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૭-૧૨-૧૫ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ સુધી અમારા નિવાસ સ્થાને નીચે જણાવેલ સરનામે રાખેલ છે.
સ્થળ : પ્લોટ નં. ૬૭૨/૨, પંચવટીપાર્ક, સેક્ટર-૨૩, ગાંધીનગર.
લી.
પ્રતાપકુમાર ચુનીલાલ ઠક્કર (મો.૯૮૨૫૦૨૯૦૬૧) — સાવિત્રીબેન ટેકચંદભાઈ ઠક્કર
પ્રકાશકુમાર ચુનીલાલ ઠક્કર (મો. ૯૯૨૫૫૭૬૭૪૪) — ભગવતીબેન પ્રતાપકુમાર ઠક્કર
નથુબેન મહાદેવભાઈ ઠક્કર — વર્ષાબેન પ્રકાશકુમાર ઠક્કર
તુલસીબેન મહાદેવભાઈ ઠક્કર
બબીબેન પ્રભુદાસ ઠક્કર

॥ શ્રી ઉમિયામાતાય નમઃ ॥
શ્રી ઉત્તર દશકોઇ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર
સ્નેહમિલન સમારંભ
તારીખ : ૧૦-૦૧-૨૦૧૬ને રવિવાર
સમય : સાંજે ૪-૦૦ થી ૭-૦૦ કલાકે
સ્થળ : નાગરાજ ફાર્મ, ઇન્ફોસિટી-કુડાસણ રોડ, શિવાલય રેસીડેન્સીની બાજુમાં, ન્યુ ગાંધીનગર
નોંધ : દરેક સભાસદે તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં આ અંગેના ભોજન પાસ મેળવી લેવા તેમજ બાળકોની માર્કશીટ પહોંચતી કરી દેવાની રહેશે.

પેથાપુર ગામમાં કચરિયાની ઘાણી...
શિવમ્ ઘાણી કચરિયું
જુના અને જાણીતા કચરિયું, ચીકી તેમજ અવનવી વેરાઈટીઝમાં કચરિયું મળશે. તેમજ કચરિયું આપના તલ લાવી આપશો તો કચરિયું કાઢી આપવામાં આવશે. અમારે ત્યાંથી સૂંઠ, ગંઠોડા, બદામ, કાજુ, તલ, ગોળ પણ મળશે.
ખોડિયાર કિરાણા સ્ટોર્સ
પ્રો. સતિષકુમાર સોમચંદ મોદી
રામદેવ મંદિરની બાજુમાં, પેથાપુર. મો. : ૯૮૨૪૪૨૦૩૩૯

વિશ્વા મંડપ ડેકોરેટર્સ
કેટરર્સ
દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.
● પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
● અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
● શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝીન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com